## રે.દિ.મુ.નં.૧૫/૨૦૨૪ સાથે સી.એફ.આર.નં.૨/૨૦૨૪

-

## આંક–૧ હેઠળ હુકમ

૧. વાદીએ હાલનો દાવો કરારના પાલન માટેનો તેમજ મનાઈ હુકમ માટેનો દાવો દાખલ કરેલ છે જે દાવાના કામે વાદીએ રુ.૨૨,૧૫૦/– નો કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ છે જે દાવાના કામે કોર્ટ ફી ઈન્સ્પેકટીગ અધીકારીએ તા.૨૦/૧૧/૨૦૨૪ ના રોજ સી.એફ.આર નં.૨/૨૦૨૪ થી રેફરન્સ કરી વાદીએ રુ.૪,૯૭૫/– ઓછી કોર્ટ ફી ભરેલ છે તેવો રીપોર્ટ કરેલ છે જેનો વાદીએ કોર્ટ ફી રેફરન્સમા વાદીએ આંક–૩ થી જવાબ આપેલો છે અને વાદીએ જવાબ મા જણાવેલ છે કે, તેમણે જે કોર્ટ ફી ભરેલ છે તે પુરતી ભરેલ છે તેથી કોર્ટ ફી રેફરન્સ નામંજુર કરવા અરજ કરેલ છે આજરોજ વાદી કે વાદીના વકીલશ્રી હાજર નથી તેથી તેમની દલીલનો હકક બંધ કરવામા આવે છે આ કામે વાદીએ જે કરાર નો અમલ કરાવવા માટે દાવો દાખલ કરેલ છે તેમા મીલકતના અવેજ ની કિમત રુ.૮,૯૧,૦૦૦/– દર્શાવેલ છે તેમજ દસ્તાવેજ મુજબ મીલકતની વેલ્યુ રુ.૩,૦૦,૦૦૦/– છે ગુજરાત કોર્ટ એકટ ની કલમ–૬ (૯) મુજબ રુપીયા ૨૬૯૨૫/– વાદીએ ભરવાના થાય જ્યારે વાદીએ રુ.૨૨૧૫૦/– ની કોર્ટ ફી ભરેલ છે વાદીએ રુ.૪૭૭૫ કોર્ટ ફી ઓછી ભરેલ છે અને વાદી કોર્ટ ફી ભરવા માટે સમય માંગેલ હોય તેવી કોઈ અરજી નથી. તેઓએ કોર્ટ ફી યોગ્ય રીતે ભરેલ છે તેવો આંક–૩ થી જવાબ આપેલ છે વાદીએ ઉપરોક્ત કરેલ દચર્ચા મુજબ રુ.૪૭૭૫/– કોર્ટ ફી ભરેલ ન હોય ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## ::હુકમ::

૧. વાદીની દાવા અરજી સી.પી.સી ઓ.૭ રુલ–૧૧(સી) મુજબ નામંજુર કરવામા આવે છે.
૨. વાદીની દાવા અરજી નામંજુર કરેલ હોય દાવાના કામે પેન્ડીગ વચગાળાની તમામ અરજીઓ ઉપરોકત હુકમ અન્વયે ફૈસલ કરવામા આવે છે.

ઉપરોક્ત હુકમ આજ રોજ તારીખ ૧૭ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળવી જાહેર કર્યો.

હાંસોટ
તા. ૧૭/૦૬/૨૦૨૬

(એસ.એસ.અજમેરી)
પ્રિન્સીપાલ સીવીલ જજ, હાંસોટ
GJ01525